## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લો આ વેકેશનમાં તારા ભાઈને બોલાવવા જેવું નથી રહ્યું... રસ અને રોટલી બેઉ બગડ્યા...

# સેકટરોમાં મતદારોને ૧૧ વાગ્યા પૂર્વે જ મતદાન કરી દેવા અપીલ

### મહાનગર ભાજપનુ દરેક વાર્ડમાં મતદાન જાગૃતિ માટે અભિયાન : સેકટરોમાં ભાજપને જંગી બહુમતીથી જીતાડવા માટે વસાહતીઓ અને સંસ્થાઓ સાથે બેઠક

ગાંધીનગર તા ૨૦

લોકસભાની ચુંટણીને અનુલક્ષી મતદાનના આડે હવે માત્ર બે દિવસો જ બાકી રહ્યા છે પરંતુ શહેરમાં મંદ ગતિએ ચાલતી ચુંટણીની પ્રચાર ઝુંબેશમાં પણ હજુ સુધી કોઈ આકર્ષણો દેખાયા નથી. ભાજપ દ્વારા સેકટરોમાં વોર્ડ મુજબ બેઠકો કરી સ્થાનિક વસાહતીઓ તેમજ સંસ્થાના આગેવાનોને મતદાન કરવા માટે પ્રોત્સાહીત કરવામાં આવી રહ્યા છે.ગરમીને ધ્યાને લઈ સવારે ૧૧ કલાક પુર્વે જ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લેવા માટે પણ અપીલ કરવામાં આવી રહી છે. પ્રચાર ઝુંબેશના અંતે આજે કલોલ તેમજ અમદાવાદમાં રોડ શોનુ આયોજન કરાયુ છે.

લોકસભાની ચુંટણીને અનુલક્ષી બે દિવસના અંતે મતદાનની પ્રક્રીયા હાથ ધરાશે. જયારે ચુંટણી પ્રચારનો સમય પુરો થવાનુ કાઉન્ડ ડાઉન શરૂ થઈ ગયુ છે. પ્રચાર પડઘમ શાંત પડવાની તૈયારીમાં છે. આમછતા હજુ સુધી શહેરમાં ચુંટણીને અનુલક્ષી કોઈ ધમધમાટ જોવા મળ્યો નથી. ભાજપના રાષ્ટ્રીય નેતા અમિત શાહ ગાંધીનગર બેઠક પરથી ચુંટણી લડવાના હોવાની જાહેરાતના અંતે કાર્યકરો તેમજ ભાજપના આગેવાનોમાં ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ હતુ. પરંતુ આ ઉત્સાહ ચુંટણી મેદાનમાં હજુ સુધી જોવા મળ્યો નથી. બીજીતરફ કોંગ્રેસ પણ ચુંટણી પ્રચારના મામલે સુસ્ત મોડમાં છે. બન્ને પક્ષે બે પાંચ કાર્યકરો સેકટરોની શેરીઓમાં ફરી પ્રચાર કરતા કયારેક નજરે પડતા નાગરિકોને પણ કોઈક વાર ચુંટણી આવી હોવાનો અહેસાસ થાય છે. પરંતુ સમગ્ર દેશની નજર જે બેઠક પર છે ત્યાં કોઈ મોટી સભા કે રેલી અથવા રોડ શોનુ પણ આયોજન થયુ નથી. ગાંધીનગર શહેરને જાણે સાવ નજરઅંદાજ કરી દેવાયુ હોય તેવી સ્થિતિ છે. કદાચ રાજકીય પક્ષોના મતે શહેરમાં મતોનુ ગણિત સ્પષ્ટ હશે જયારે શહેરી વિસ્તારના પરિણામલક્ષી સમીકરણોમાં પણ રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશ બિન અસરકારક પુરવાર થાય તેમ હોવાનો પણ રાજકીય વિવેચકોનો મત છે. ભાજપ દ્વારા સેકટરોમાં માઈક્રોબુથ પ્લાનીંગ સાથે સેકટરોમાં વોર્ડ વાઈઝ બેઠકોનો દૌર યથાવત છે. ભાજપના આગેવાનો સેકટરોમાં વસાહતીઓ તેમજ વિવિધ સમાજના આગેવાનો સાથે બેઠક કરી ગરમીના દિવસોમાં ૧૧ વાગ્યા પહેલા મહત્તમ મતદાન થાય તેવા પ્રયાસમાં છે. જયારે તા ૨૧ એપ્રિલના રોજ સાણંદમાં અમિત શાહની સભાનુ પણ આયોજન કરાયુ છે.આ ઉપરાંત કલોલમાં પણ રોડ શો યોજાશે. આકરી ગરમી માથે છે. ત્યારે ચુંટણીમાં મતદારો ઘરમાં ન બેસી રહે તે વાત રાજકીય પક્ષો માટે પણ ચિંતાનો વિષય બની છે.

# કમળ-પંજાને પડકાર આપી રહેલા કિટલી-ખાટલો અને હેલિકોપ્ટર..!!!

### ગાંધીનગર લોકસભા બેઠક પર ''સત્તર'' ઉમેદવારો વચ્ચે ખેલાશે ચૂંટણી જંગ : એક મહિલા ઉમેદવાર પણ મેદાનમાં : સાત અપક્ષ ઉમેદવારો ઉપરાંત સાત ઉમેદવારો માન્ય રાષ્ટ્રીય પક્ષ સિવાયની પાર્ટીઓના

ગાંધીનગર, તા. ૨૦

લો, લોકસભાની ચૂંટણીઓ તો તમારા ઘર આંગણે આવી પહોંચી અને મંગળવારે તો તમારે મતદાન કરવા જવાનું છે, તો તમને ખબર છે કે તમારા લોકસભા મતક્ષેત્રમાં કેટલા ઉમેદવાર ચૂંટણી લડી રહ્યાં છે ? અને તે ઉમેદવારોને તમે કેવી રીતે ઓળખશો ? તેમના ચૂંટણીના ચિહ્નો એટલે કે પ્રતિકો કયા કયા છે ? તમને ખબર છે કે ગત લોકસભામાં 'ચા વાળો' શબ્દ ખૂબજ ચર્ચાસ્પદ બન્યો હતો પરંતુ આ વખતે મતદાન કરવા જાઓ ત્યારે તમને 'કિટલી'નું પ્રતિક દેખાશે તે એક અપક્ષ ઉમેદવારનું છે. વળી, આ ચૂંટણીમાં હેલીકોપ્ટરમાં ફરતા બેરોજગારે ચર્ચા જગાવી છે પરંતુ હેલિકોપ્ટરના નિશાનને જોઈને મત આપશો તો તે કોઈ ભળતા ઉમેદવારને જ મત જશે.




ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં કુલ ૧૭, જી હા, સત્તર ઉમેદવારો ચૂંટણી જંગ લડી રહ્યાં છે જેમાં ૩ ઉમેદવારો રાષ્ટ્રીય કક્ષાના પક્ષના, સાત ઉમેદવારો માન્ય રાજકીય પક્ષો સિવાયની પાર્ટીઓના તથા અન્ય સાત ઉમેદવારો અપક્ષ ચૂંટણી લડી રહ્યાં છે. વળી આ ઉમેદવરોના ચૂંટણી પ્રતિકો પણ ખૂબ રસપ્રદ છે જેમકે ખાટલો, કિટલી, હેલિકોપ્ટર, ટૂથબ્રશ, શીશી, બ્લેકબોર્ડ, વાયોલિન, પાણીની ટાંકી અને સ્ટેટોસ્કોપ. ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં પ્રથમ ક્રમાંકે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કમળના પ્રતિક સાથે, દ્વિતિય ક્રમાંકે ગાંધીનગર ઉત્તરના કોંગ્રેસી ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા પંજાના નિશાન સાથે અને તૃતીયક્રમે બહુજન સમાજ પાર્ટીના જયેન્દ્ર કરશનભાઈ રાઠોડ હાથીના નિશાન સાથે ચૂંટણી લડી રહ્યા છે.

આ ઉપરાંત માન્ય રાષ્ટ્રીય પક્ષો સિવાયના રાજકીય પક્ષોમાં પીપલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (ડેમોક્રેટીક)ના ચંદ્રપાલ હસમુખ, જન સત્યપથ પાર્ટીના નરેન્દ્ર ત્રિવેદી, હિન્દુસ્તાન નિર્માણ દળના અમરીશ પટેલ, બહુજન મુક્તિ પાર્ટીના ભોગીલાલ રાઠોડ, ગરવી ગુજરાત પાર્ટીના પ્રકાશ મકવાણા, રાઈટ ટુ રીકોલ પાર્ટીના રાહુલ મહેતા અને બહુજન સુરક્ષા દળના ડૉ. એન.ટી. સેંગલ મેદાનમાં છે. આ સાથે અન્ય સાત ઉમેદવારોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે તેમાં ખોડાભાઈ દેસાઈ, ફિરોજખાન પઠાણ, અનિલકુમાર મકવાણા, મહેન્દ્રભાઈ પટ્ટણી, વાલજીભાઈ રાઠોડ, અલીમહંમદ વોરા અને એક માત્ર મહિલા ઉમેદવાર ૧૭માં ક્રમાંકે શાહીનબાનુ શેખનો સમાવેશ થાય છે.

### આદર્શ આચાર સંહિતા દરમિયાન

# ગાંધીનગર પોલીસે સવા મહિનામાં ૯૭.૭૦ લાખનો દારૂ પકડ્યો

ગાંધીનગર, તા.૨૦

લોકસભાની ચુંટણીને પગલે આદર્શ આચાર સંહિતા લાગુ થઈ ચુકી છે ત્યારે ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલમાં ચુંટણી સંપન્ન થાય તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે હેતુસર જિલ્લા પોલીસ સક્રિય થઈ છે. ઠેર-ઠેર પોલીસ દ્વારા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ કરવામાં આવી રહ્યા છે તો બીજીતરફ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં ફલેગમાર્ચ પણ કરવામાં આવી રહી છે. આચારસંહિતા લાગુ થઈ ત્યારથી એટલે કે તા.૧૧ માર્ચથી તા.૨૦ એપ્રિલ સુધીમાં સવા મહિનાના સમયગાળામાં ગાંધીનગર પોલીસે અધધધ રૂ. ૯૭.૭૦ લાખથી વધુ કિંમતનો વિદેશી દારુ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે એટલુ જ નહી જિલ્લાના ૬૩૪ બુટલેગરો સામે પ્રોહિબેશન એકટ હેઠળ અટકાયતી પગલા લેવામાં આવ્યા છે. તે ઉપરાંત તકેદારીના ભાગરુપે ૫ હજારથી વધુ શખ્સો સામે સીઆરપીસી એકટ હેઠળ અટકાયતી પગલા લેવાયા છે.

ત્યારે મળતી માહિતી મુજબ ગુજરાતની ૨૬ લોકસભાની બેઠકો પર આગામી તા.૨૩ એપ્રિલના રોજ મતદાન થવાનું છે. તા.૧૧ માર્ચના રોજ લોકસભા ચુંટણીનું વિધિવત જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. ત્યારથી જ આદર્શ આચાર સંહિતા પણ લાગુ થઈ ગઈ હતી. જેને પગલે જિલ્લા પોલીસ દ્વારા પણ સઘન રીતે ચુંટણીલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ અંગે માહિતી આપતા જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ જણાવ્યું હતું કે જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ચુંટણી સંપન્ન થાય તે માટે પોલીસે તા.૧૧માર્ચથી કમરકસી છે. જિલ્લાના ૨૩ નાકા પોઈન્ટ પર સતત વાહન ચેંકીગ કરવામાં આવી રહ્યું છે. આ સાથે પોલીસ દ્વારા પ્રોહીબેશનને લગતી પ્રવૃતિઓને ડામીને ગુનેગારો સામે પણ અટકાયતી પગલા લેવાયા છે. તા.૨૩ એપ્રિલે જિલ્લામાં મતદાન થવાનુ છે.

#### જિલ્લાના અતિ સંવેદનશીલ મતદાન મથકો પર સીઆપીએફની ટુકડીઓ બંદોબસ્તમાં તૈનાત રહેશે

લોકસભા ચુંટણી દરમિયાન ગાંધીનગર જિલ્લાના વિવિધ મતદાન મથકો ઉપર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ઓબ્ઝર્વર્સ સાથે બેઠક કરીને જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ખાસ ડીપ્લોયમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે.

# અમદાવાદ પૂર્વ લોકસભાની દહેગામ નહેરૂ ચોકડી ખાતે કોંગ્રેસની જનઆક્રોશ સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

લોકસભાની ચૂંટણી પ્રચારમાં રાજકીય પક્ષો ચૂંટણી પ્રચારના સમરાંગણમાં સ્ટાર પ્રચારકો પક્ષોના માન્ય ઉમેદવારો બંને પાટીદાર સમાજના સમક્ષ ઉમેદવાર તરીકે જીત મેળવવા આખરી પ્રયાસો આદરી રહ્યા છે. ત્યારે ૭-




ઉમેદવારોને જીતાડવા માટે જનસંપર્કનો દોર આરંભી રહ્યા છે. ત્યારે ૭-અમદાવાદ પૂર્વ લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોના પ્રચારકો ઉમેદવારો સાથે ચૂંટણી પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસ બંને અમદાવાદ પૂર્વના દહેગામ નહેરૂ ચોકડી ખાતે કોંગ્રેસના સ્ટાર પ્રચારક અને પાસના અગ્રણી હાર્દિક પટેલ અને કોંગ્રેસના મહિલા ઉમેદવાર ગીતાબેન કે. પટેલની ઉપસ્થિતિમાં સૌ પ્રથમ જનઆક્રોશ સભા યોજાઈ હતી. આ સભામાં દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબેન રાઠોડ, જિલ્લા પંચાયતના પ્રમુખ મંગુબેન ચૌધરી, જિલ્લા પંચાયતના સદસ્ય અરવિંદસિંહ સોલંકી, જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ જશુભા રાણા, ગાંધીનગર તાલુકા પંચાયતના સદસ્ય જિતેન્દ્ર સોલંકી તથા દહેગામ તાલુકાના કોંગ્રેસ પક્ષના હોદેદારો કાર્યકોર અને સમર્થકો હાજર રહ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભી ઉપસ્થિત રહ્યા હતા.

# સોનારડા ગામે જુગાર રમતા ૯ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના સોનારડા ગ્રામ પંચાયત પાસે ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ૯ શકુનીઓને ડભોડા પોલીસે પકડી પાડ્યા છે. ડભોડા પોલીસે રૂ.૧૦,૩૬૦ નો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ડભોડા પોલીસ સ્ટેશનની ટીમના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન એ.એસ.આઈ પુજાબેન જગદીશભાઈને બાતમી મળી હતી કે સોનારડા ગ્રામ પંચાયતની બાજુમાં ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. બાતમીને આધારે પોલીસે રેઈડ પાડતા જગાજી ભીખાજી ચૌહાણ રહેવાસી મોટી મોરાલી રાજાવત ફળીયું,તા.દહેગામ, જી.ગાંધીનગર, પરેશ જયંતિભાઈ ચાવડા, રહે.નરોડા ગામ મંદિરવાળી ફળી, વિષ્ણુ રતનજી સોલંકી રહે.મોટી મોરાલી તા.દહેગામ, વિષ્ણુ બાબુજી ઠાકોર રહે. સોનારડા, ખોડાજી જીવાજી વાઘેલા રહે. અમરાજીના મુવાડા, દહેગામ, રમેશ મોહનજી ઠાકોર રહે. મોટી મોરાલી, મેલાજી પોપટજી ચૌહાણ રહે. મોટી મોરાલી, કિરણજી ડાહ્યાજી ઠાકોર રહે. મોટી મોરાલી, દશરથ ઉર્ફે રાવણ સોમાજી ઠાકોર, રહે.ગલુદણ, સમાવેશ થાય છે. પોલીસે આ આરોપીઓ પાસેથી રૂ.૧૦,૩૬૦ નો મુદામાલ કબ્જે લઈ જુગારધારા મુજબનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




